**સામાજિક ન્યાય, જાતિ ( લિંગ)  અને આંતરવિભાગીયતા**

સામાજિક ન્યાય  એક એવા વિચાર પર આધારિત છે કે સમાજ ના બધાજ સદસ્યો ને  તેની વિવિધ સુવિધાઓ,  લાભો અને તકો તેમના જીવનમાં તેમના દરજ્જા કે તબક્કા ને લઈને ભેદ કર્યા વિના એક સમાન રીતે ઉપલબ્ધ છે. પરંતુ હકીકતમાં આપણે  જાણીએ છીએ કે લોકો ભેદભાવનો સામનો કરે છે. ભેદભાવ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા સમાજીક રીતે નિર્ધારિત કરેલા સમૂહના સભ્યો સાથે અલગ (ખાસ કરીને અન્યાયી) રીતે વર્તવામાં આવે છે કેમકે તેઓ તે સમૂહ કે સમુદાય ના સભ્યો છે. આ અન્યાયી નીતિ અને વર્તન સમાજ દ્વારા પેદા કરેલ દરેક સમૂહની બીજા સમૂહ માટે તારવેલ (ઉતરી આવેલ) માન્યતાઓ અને સત્તા અને વિશેષાધિકાર માટેના સંઘર્ષ ની અભિવ્યક્તિ  તરીકે જોવામાં આવેલ પ્રભુત્વ અને દમનની પદ્ધતિઓ માંથી ઉદ્દભવેલ છે.  લોકો અને સંસ્થાઓ, બીજા  માટે અભિપ્રાય બાંધીને ક્યાંતો તેમના ભેદભાવ ભરેલા કર્મથી, ભેદભાવ કરીને જેના સાથે ભેદભાવ કરેછે તેનું જીવન પ્રતિબંધિત કરી દે છે. પ્રભુત્વવાળા સમૂહો, પોતે જેનું (ઈરાદાપૂર્વક અને યથાવત સ્થિતિ જાળવી રાખવા) દમન કરે છે તે , ગ્રુપને તાબામાં લઈને પોતાના વિશેષ અધિકારો જાળવી રાખવાનો સંસ્થાકીય અને આંતરવ્યક્તિગત  પ્રયાસ છે અને  વિચારધારા છે કે જે આ પ્રયાસો ને વાજબી ઠરાવે છે. વિચારધારાઓ જન્મજાત શ્રેષ્ઠતા અને હીનતાની  ધારણાઅને સમાજના ધોરણથી અસ્વીકાર્ય અથવા મતભેદો ની આસપાસ ફરે છે. પ્રતિકુળ ભેદભાવ મુખ્ય રીતે વંશ, જાતી (લિંગ), લૈંગિકતા (sexuality), અપાહીચતા, ઉંમર, રાષ્ટ્રીયતા, અને ધર્મ, અને, દરેક વખતે  ગણવામાં નહિ પણ આવ્યું હોય એવો સામાજિક દરજ્જા પર આધારિત હોય છે.

વ્યક્તિઓ અથવા સામાજિક સમુહો એકસાથે, ઘણાબધા અને એકબીજા   સંબંધિત એવા પ્રકાર ના ભેદભાવો ને આધીન હોય છે. જોકે,  જાતી (લિંગ) ફરક અને ભેદભાવને વધારી દે છે. ઉ.દા. ઘણા સંદર્ભમાં એક રોજ મજુરી કમાતા મજુર કરતા એક યુનિવર્સીટી ના અધ્યાપક નો સામાજિક દરજ્જો ઊંચા સ્તરે (નબળાઈ નું સ્તર નીચે )  હશે અને એક રોજ મજુરી કરનાર મહિલાનો એક પુરૂષ મજુર કરતા સામાજિક દરજ્જો નીચા સ્તરે (નબળાઈ નું સ્તર ઊંચે )  હશે.

આમ જાતી (લિંગ) ની અસમાનતા બીજી અસમાનતાઓ જેમ કે સામાજિક  દરજ્જો,વંશ, કાસ્ટ સાથે સંપર્ક માં આવે છે. આ કારણે મહિલાઓ પુરુષ ની સરખામણીમાં એક જ  સામાજિક સ્તર થી વધારે નુકસાન નો સામનો કરે છે.  વળી જાતી (લિંગ) ની નિર્માણ દરેક વંશ, દરજ્જા અને કાસ્ટ

વગેરે ના પ્રમાણે અલગ હોય છે. આપણે જાતી (લિંગ) ના વચ્ચેના સંબંધોને અલગ પાડી ને નહિ જોઈ શકીયે. આમ લાક્ષ્યંકિત જૂથ ના લોકો ની સ્વાસ્થ્ય ને લગતી અસમાનતાઓ અને નાબળાયીઓ ને સંબોધવા માટે ઘણી સામાજિક ઓળખ ના આંતરવિભાગ (intersection) ને અને આ કેવીરીતે પરસ્પર એકબીજાને વારંવાર મજબુત કરીને ચોક્કસ જાતની નબળાઈઓ માં પરિણમે છે તે સમજવાની જરૂર છે

**આંતરવિભાગીયતા (intersectionlity) શું છે ?**

- આંતરવિભાગીયતા ના અનુસાર જાતી (લિંગ), દરજ્જો, અને વંશ ના સામાજીક વિભાગ પરસ્પર એકબીજાને બદલે છે અને મજબુત કરે છે.

-સામાજીક વર્ગો ના હિતમાં જાતી (લિંગ), વંશ, ધર્મ, જોડાણ,લૈન્ગીકતા વગેરે નો છે.

- આ અભિગમ 'ઓળખના પાસાંઓ વચ્ચે ના સંબંધો' કે જે ને ભેગા કરીએ તો જુદા પ્રકાર ના ફાયદા અને ગેરફાયદઓ તરફ દોરે છે કે જે એક બીજાને સંયોજે છે અને અવિભાજ્ય છે (*Pru Goward 2002*). ઉ.દા. એક મહિલા સાથે એની જાતી (લિંગ) અને એ નીચી કાસ્ટમાંથી આવતી હોવાની ઓળખ ના લીધે પણ ભેદભાવ કરવામાં આવે છે. આ એના અનુભવ ને વિશેષાધિકૃત વર્ગો માંથી આવનાર મહિલાઓ કરતા વિશિષ્ટ અને અલગ બનાવે છે.

-સકારાત્મક પરિવર્તન ની જાણ થાય એ માટે નબળાઈ ના વિવિધ સ્ત્રોતો સમજવા માટે, હક આધારિત સ્વાસ્થ્ય પ્રત્યેનો અભિગમ આંતરવિભાગીય અભિગમનો ઉપયોગ કરે છે.

- સામાજીક ઓળખ ના વિવિધ પાસાઓ ધ્યાનમાં લેવા સિવાય આંતરવિભાગીયતા 'દમન અને પ્રભુત્વની સીસ્ટમ અને પદ્ધતિઓ' ની અસરને પણ ધ્યાનમાં લે છે

- આમ જાણવું કે મહિલા લૈંગિકવાદી સમાજમાં કેવી રીતે જીવે છે એ તેનો અનુભવ વર્ણવતી અધુરી માહિતી છે. આ ઉપરાંત એનો વંશ, દરજ્જો, લૈન્ગીકતા વગેરે અને સાથે સાથે આ બધા પ્રત્યે એના સમાજ નો અભિગમ પણ જાણવો જરૂરી છે.

- સ્ત્રી અને પુરુષ ના સ્વાસ્થ્ય ની સમસ્યા ને સમજવા જાતી (લિંગ) ને ઐતિહાસિક અને સાંદર્ભિક પરિસ્થિતિ, આર્થિક, રાજનૈતિક અને સામાજીક પરિબળોથી અલગ કરીને જોવાથી તે અધુરી સમજણ માં પરિણામે છે.

- આંતરવિભાગીયતા ગુણવત્તા સુધારવા માટે ઉમેરેલી વસ્તુ નથી. - ઉ.દા. લિંગ અને જાતિ ને પ્રાથમિકતા આપીને સ્વાસ્થ્ય ની તપાસ કરાવી જયારે બીજા હિતકારી પરિબળો ને

વધારાના ગણવા. - આના બદલે આંતરવિભાગીય અભિગમ લિંગ અને જાતી બીજા ભેદભાવના પરિબળો સાથે કેવી
ક્રિયા-પ્રતિક્રિયાઓ  કરશે તે જોશે.

**સામાજિક બહિષ્કાર (નૈલા કબીર)**

(સામાજિક બહિષ્કાર) વ્યક્તિઓ અને સમુહોને જે સમાજમાં તેઓ જીવી રહ્યાછે તેમાં પૂર્ણપણે ભાગ લેવાથી થી સંપૂર્ણપણે કે આંશિક રીતે બહિષ્કૃત કરવાની પ્રક્રિયા છે. તે જે લોકો ને સમાજ થી જુદા કરવામાં આવ્યા છે તેમનો બહાર કાઢી મુકવાનો કે પાછળ છોડી દેવાનો અનુભવ એવી રીતે ગ્રહણ કરે છે કે જે વર્તમાન ગરીબીનું માળખું ગ્રહણ કરવામાં નિષ્ફળ ગયું છે.  પરિણામે આ માળખા દ્વારા પ્રસ્તાવિત થતી સમાજથી પર એવા વિશ્લેષણ તે આપે છે. તે સંપૂર્ણપણે વંચિતતા ના સ્તર પર ધ્યાન કેન્દ્રિત કરનાર ગરીબી ના વિચાર અને કે જે વિતરણ ના મુદ્દા સાથે સંબંધિત છે તેવા અસમાનતા ના વિચાર વચ્ચે ના સેતુને બનવા દે છે. સામાજિક બહિષ્કાર ગરીબ ની વંચિતતા ના વિતરણ ની અસમાનતાઓ ને પ્રકાશમાં લાવવામાં  મદદ કરે છે.

સામાજીક  બહિષ્કાર ના સિદ્ધાંતમાં શરૂઆત માં ઉપયોગી મુદ્દો જે તે સમાજના વ્યક્તિઓ કે સમૂહો ને  મળતી તકો અને જીવન જીવવાની શક્યતાઓ અવરોધીને જે વિવિધ રીતે ગેરફાયદાઓનો સામનો કરવો પડે છે તેને  ધ્યાનમાં લેવાનું છે. દરજ્જાના આધારે થતી અસમાનતાઓ ઉપરાંત - ધનવાન લોકો વિરુદ્ધ ગરીબ લોકો - સમાજશાસ્ત્રીઓ ઓળખ ના આધારે થતા નુકસાન પર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે,નુકસાન કે જે લોકો શું બનવા માંગે છે ના બદલે લોકો કોણ છે તે કારણે સમાજમાં ચોક્કસ સમૂહ કે શ્રેણી ના લોકો ની સંસ્કૃતિ નું અવમૂલ્યાંકન થાય છે તે.  આ ઓળખ કે જેને લઈને સવાલ ઉઠી રહ્યા છે તે જુદા અને સીમિત સમૂહના લોકો હોઈ શકે કે જેઓ તેમની જુદી સાંસ્કૃતિક પ્રથા અને જીવન જીવવાની રીત થી પોતાની અલગ ઓળખ બનાવે છે. કાષ્ટ ,ધર્મ,કે વંશ આવી જ રીતના ઓળખ વાળા સમૂહો નું ઉદાહરણ છે. આખરે આ એવાપ્રકારના અસીમિત શ્રેણી સાથે સંબંધિત હોય શકે કે જેઓ કોઈ ફક્ત એક સામાન્ય લાક્ષણીકતા ધરાવે છે.(ઉ.દા. જાતી(લિંગ), અપહીચતા કે HIV positive status). આવી શ્રેણીના લોકો ઘણી ઓછી સમાનતા ધરાવતા હોય શકે સિવાયકે જે ભેદભાવ નો તેઓ સામનો કરે છે તે. આ બે સિદ્ધાંતો ગેરફાયદાઓ ની એક

જુદીજ સમાજ પર ધ્યાન કેન્દ્રિત કરે છે - એક સાધનો/સ્ત્રોત્રો નો અભાવ (તમારા પાસે શું છે) અને બીજું ઓળખ પર ભેદભાવ (તમે જે છો). એવા ગરીબ હોવું પણ શક્ય છે કે જેને સંસ્કૃતિક અવમૂલ્યાંકન નો સામનો નથી કર્યો (લાયકાત ધરાવતો ગરીબ) અને એજ રીતે ગરીબ નહિ હોવા ચાત ભેદભાવ નો સામનો કરવો પડે એ પણ શક્ય છે (મોટાભાગની મહિલાઓ ગરીબ ન હોવા છતાં જાતી(લિંગ) આધારિત ભેદભાવનો સામનો કરે છે. સામાજીક બહિષ્કાર આ ગેરફાયદા ના સામ્યતા ધરાવતા વિવિધ અનુભવો પર ધ્યાન કેન્દ્રિત કરતો દ્રષ્ટિકોણ છે. બીજા શબ્દોમાં એવા વ્યક્તિઓ કે સમૂહો ના અનુભવો કે જે લોકો ગરીબ હોવાની સાથે સાથે પોતાની અલગ ઓળખ હોવાને કારણે તેમની સમાજમાં સમાનરીતે આર્થિક, સામાજીક, રાજનૈતિક કામગીરી કરવાની ક્ષમતા ની ઉપેક્ષા થવાથી પણ તેઓ ભેદભાવનો સામનો કરે છે.

સામાજિક બહિષ્કારનું હજુ બીજું એક પાંસુ છે કે જે આર્થિક વંચિતતા અને સામાજિક ભેદભાવની આંતરિક પ્રક્રિયાઓમાં ઝડપાયું નથી, એ છે સ્થળ સંબંધિત ભેદભાવ (Sapatial). કોઈક વિસ્તાર અંતરાલ અને છુટા પડેલા હોવાને લીધે ત્યાના રેહવાસીઓને માટે બોહળી રીતે સામાજીક અને આર્થિક વ્યવસ્થામાં ભાગ લેવાનું મુશ્કેલ થતું હોય છે કે આ શહેરી વાતાવરણથી અલગ રેહવાથી પણ થઈ શકે અને હિંસા,ગુનાખોરી, માદક પદાર્થો પર અવલંબન અને ગંદકી પણ ઘણી વખત બહિષ્કૃત પ્રદેશો ના લક્ષણો છે અને આ બધાનો સ્થળને લીધે થતા ભેદભાવ અને ગેરફાયદા માં ગણાવી શકાય (Beall, 2002).

**સામાજીક બહિષ્કાર અને સ્વાસ્થ્ય પરિણામો**

જેમ અપેક્ષા કરી શકાય, સામાજીક બહિષ્કૃત સમૂહની ગરીબી માં વધારો તેમની નબળી સ્વાસ્થ્ય ની સ્થિતિમાં પરિવર્તિત થાય છે. ખાસ કરીને જયારે ગરીબી સંકળાય છે વિસ્તાર ને લગતી પ્રતિકુળતા જેમકે અંતરાળ વિસ્તાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાજીક સેવાઓ નો અભાવ. માતા મૃત્યુ દર ભારતમાં સૌથી વધારે આદિજાતી વિસ્તારો માં સૌથી ઊંચો છે. શિશુ અને બાળક મૃત્યુ દર આશરે 83 અને 126.6 દર 1000 જન્મે છે. જયારે કે સામાન્ય વસ્તીમાં તે 62 અને 83 છે. લગભગ 80% આદિવાસી બાળકો એનેમિક છે, 50% ઓછુ વજન વાળા અને ફક્ત 26% જ બધી રસીઓ મેળવે છે (Xaxa..). 65% મહિલાઓ એનેમિક

છે જયારે આ માત્ર 48% છે સામાન્ય વસ્તીમાં. સામાન્ય વસ્તી ના 28% ની સરખામણી માં 43% નું પૂર્વ પ્રસુતિ ચેક-અપ નથી  થયું. 17% માતાઓ ની સંસ્થા માં પ્રસુતિ થઇ છે અને 15% માં દાકતર ની સહાય મળી છે  જેની માત્રા સામન્ય વસ્તી માં 40% અને 37% છે. સાક્ષરતા દર - ગરીબી નો નિર્દેશ કરનાર - ગુજરાત માં (69.67%) રાષ્ટ્રીય સરેરાશ (65.38%) કરતાં ઊંચો છે જયારે કેરેલા(90%) જેવા રાજ્યો કરતા ઓછો છે અને સમાજના વિભાગોમાં અસમતુલા બતાવે છે. નિરક્ષરતા SC, ST અને  OBC વચ્ચે વધારે છે અને તેમાં પણ આ સમુહોની મહિલાઓ વધુ વંચિત/પછાત  છે. મહિલાઓમાં 15-44 વર્ષની આયુના વર્ગમાં , 58.2% SC, 65.5% ST, અને  51.3% of OBC મહિલાઓ નિરક્ષર છે 21.9% બીજી જાતી ની મહિલાઓ ની સરખામણીમાં.

2007-08 માં રાષ્ટીય સરેરાશની સરખામણીમાં ગુજરાતમાં એવી મહિલાઓ નું પ્રમાણ કે જેમની સલામત પ્રસુતિ થઇ છે એ વધારે છે. જોકે આ પ્રમાણ કે જે 62.1% છે તેમાં DLHS 2 ના 2002-04 થી નોંધાયેલા આંકડા માં પછી થી કોઈ સુધારો થયો નથી. નીચું જીવન ધોરણ ધરાવતી મહિલાઓની સરખામણી માં ઊંચા જીવન ધોરણ ધરાવતી સ્ત્રીઓમાં સંસ્થાકીય પ્રસુતીનું પ્રમાણ વધારે છે
આજ રીતે સંપૂર્ણ રસીકરણ કરાવેલ બાળકોની સંખ્યા ગુજરાતમાં આખા ભારત કરતા જે 2002-04 માં વધારે હતી તેમાં છેલ્લા 5 વર્ષ માં ફક્ત નાજીવો જ વધારો થયો છે. ST બાળક કે જે 4+ ક્રમનું અને નીચા ઘરગથ્થું અને જીવન ધોરણથી છે તેનું સંપૂર્ણ રસીકરણ હોવાની  ઓછી છે પરંતુ આને બાળકની જાતી (લિંગ) સાથે ના તફાવત સાથે કોઈ સંબંધ હોય એવું નોંધાયું નથી.
એનીમા ની વ્યાપકતા ST સૌથી ઊંચી માત્રા માં છે. (74% મહિલાઓ, 45% પુરુષો અને 82.9% બાળકો) અને અને બીજી જાતી કરતા SC અને મુસ્લિમો માં વધારે છે.

**પાવર**

પાવર નો હિન્દી અને ગુજરાતી માં 'સત્તા' અને 'શક્તિ'  અર્થ થાય છે. પાવર એ પ્રભાવિત કરવાની સક્ષમતા છે. આગેવાનો/નેતાઓ પાસે પાવર હોય છે અને એ આવે છે a. તકનીકી વિષયમાં કુશળતાથી b. તેમના સમસ્યાનું નિરાકારણ કરવાના અને લોકો સાથે વ્યવહારુ થવાના કૌશલ્યથી, c. તેમનો ઔપચારિક પદ કે હોદ્દો કે જે એમને સત્તા આપે છે. પાવર

હોવાનો અને ઉપયોગ કરવાનો મતલબ એ છે કે માહિતી અને સંસાધનો કેટલાક લોકોની પહોંચ માં છે જે વિશેષાધિકાર બીજો પાસે નથી.

પાવર પ્રતિકારના સ્વરૂપમાં પણ જોવા મળે છે. વર્તમાન સત્તા નાં સંબંધો ને પડકારવા કે બદલવાની વ્યૂહરચના તરીકે જાણતા કે અજાણતા પાવર ગતિશીલ/પરિવર્તનીય થઇ શકે છે. પાવર ને જોવા/અનુભવવાના ચાર બીજી રીતો છે.

* બીજા ઉપર સત્તા - શક્તીશાળી વ્યક્તિ ની નબળી વ્યક્તિ પર સત્તા, બીજાઓનો બહિષ્કાર કરવાની સત્તા

*સત્તા પર - આ થાય છે જયારે વ્યક્તિઓ કે વ્યક્તિઓનું સમૂહ એજન્સી ને અપનાવે છે. તેઓ પોતાની કાર્ય કરવાના હકો અને ક્ષમતાઓ નો અનુભવ કરે છે. તેઓ સશક્તિકરણ તરફ નો પ્રવાસ શરૂ કરે છે.

*સત્તા સાથે- આ સંસ્થા,એકતા, અને સંયુક્ત પગલાઓ દ્વારા અન્યાય ના સામે સંગઠિત શક્તિ/સત્તા નું સ્વરૂપ છે. ( સંગઠન અને સશક્તિકરણ)

*આંતરિક શક્તિ - આવું ત્યારે બને છે જયારે વ્યક્તિ ને અંદરથી પોતાની સાચી ઓળખ, આત્મવિશ્વાસ અને જાગૃકતા નો અનુભવ થાય કે જે તેની સંસ્કૃતિ, ધર્મ, અને એની ઓળખ ના બીજા પાંસા સંકળાયેલ હોય કે જે વિચારો અને કાર્યો ને પ્રભાવિત કરે.

'સત્તા પર', 'સત્તા સાથે' અને 'આંતરિક શક્તિ' એ શક્તિ/સત્તા ના એવા સ્વરૂપ છે કે જે 'સત્તા ઉપર' ના પ્રભુત્વનો પ્રતિકાર કરે છે.

જ્યાં પાવર નો દુરુપયોગ થઇ શકે છે ત્યાં તે સકારાત્મક અને ફળદ્રુપ - જરૂરી સર્જનાત્મક પરિવર્તન નો સ્રોત બની શકે છે